

આપણામાં જે યોગ્યતા હોય તો કોઇ વસ્તુની ઈચ્છા પણ કરવી પડતી નથી; આપોઆપ આપણી પાસે દોડી આવે છે. સરોવરમાં પાણી આવે છે ત્યારે માછલાં કેવાં ઊભરાઈ જાય છે !

– ચિત્રભાનુ

# દિવ્યદીપ

## વિવેક

બીજા વિશ્વયુદ્ધના અંતની આ વાત છે. અમેરિકાએ જાપાનને છેલ્લી ચેતવણી આપતો સંદેશો મોકલાવ્યો : "તમારી હાર કબૂલ કરી અમારે શરણે આવો નહિતર વિનાશક બોમ્બનો સામનો કરો. સંપૂર્ણ શરણે નહિ થાઓ તો આંખના પલકારામાં બધું સાફ કરી નાખીશું."

જાપાનની પ્રજા ફફડી ઊઠી. ત્યાં ધર્મના પ્રચારાર્થે ધર્મગુરુઓ મંદિરોમાંથી બહાર આવ્યા. "ગભરાશો નહિ, ભાગી ન જશો. અમારા મંત્રોમાં એવી શક્તિ છે કે દુશ્મન તમારો વાળ પણ વાંકો નહિ કરી શકે. જુઓ અમારો ચમત્કાર !"

મંત્રોનું રટણ થયું, જાપો થયા, અને ધ્વનિ ગૂંજ્યો. અંધશ્રદ્ધાળુઓના હૃદયમાં આશાનું કિરણ પ્રગટ્યું ના પ્રગટ્યું અને ઉપરથી બોમ્બમારો શરૂ થયો. નાગાસાકી અને હીરોશીમા સાફ થઈ ગયાં.

મંત્રોની શક્તિ અણસમજભર્યા રટણમાં છે કે સમજણભર્યા પુરુષાર્થમાં ?

– ચિત્રભાનુ

વર્ષ : ૭
અંક : ૬
ડિસેમ્બર

# ❊ સમદષ્ટિ.... ❊

પૂ. ગુરુદેવનું થાણામાં ચોમાસું શરૂ થતાં જ ન ધર્મનો ભેદ રહ્યો, ન સ્થળનું અંતર. દૂર દૂરથી આવતાં જૈન અને જૈનેતરોએ સાથે બેસીને સ્વાધ્યાય કર્યો.

સૌનાં ઘર પાવન કરવા માટે પૂ. ગુરુદેવને વિનંતીઓ થવા લાગી. જૈનોની વિનંતી હતી ત્યાં જૈનેતરો આવી પહોંચ્યા. એમના હૃદયમાં ભાવ ઊભરાતો હતો પણ પોતાની મનોભાવના વ્યકત કરતાં મનમાં સંકોચ અનુભવાતો હતો : "પૂ. ગુરુદેવ અમારે ત્યાં, જૈનેતરોને ત્યાં ન પધારો ?"

મનનો સંકોચ વ્યકત થતાં ન થતાં જ પૂ. ગુરુદેવે હસીને પોતાના જીવનનો પ્રસંગ ટાંકયો :

વર્ષો પહેલાંની વાત છે. બોટાદમાં મારું ચોમાસું નક્કી થયું અને સ્વાધ્યાય શરૂ થયો. ત્યાંની કુંભાર વસતીને પણ એનો રંગ લાગ્યો અને એમની આતુરતા એમને પ્રવચનના સમય પહેલાં જ ઉપાશ્રય હૉલમાં લઈ આવી. રસ વધતો ગયો અને આગલી હરોળ એમનાથી જ ભરાતી ગઈ.

જેમને જન્મથી સાંભળવા મળ્યું હતું તેના કરતાં જેમને પહેલી જ વાર સાંભળવા મળ્યું એમને મન એની કિંમત વધારે હતી.

પ્રવચન હૉલમાં આગળની હરોળમાં બેસવાનું સ્થાન ગુમાવતાં જૈન બહેનો પોતાની દુભાયેલી લાગણી મારી આગળ વ્યકત કરવા આવ્યા. મેં કહ્યું : "હું મહાવીરની વાણી માનવમાત્રને સંભળાવવા માગું છું, જિજ્ઞાસુઓને આપવું એ જ મારો માપદંડ છે. પછી એમાં ભેદ કેવો ?"

બહેનોને આ વાત સ્પર્શી અને વહેલા તે પહેલાને માન આપ્યું.

ચોમાસું પૂર્ણ થવા આવ્યું અને વીરની વાણીથી જીવનમાં કાંઇક પરિવર્તન અનુભવતા કુંભાર ભાઇઓ અને બહેનોએ મને ચાતુર્માસ પરિવર્તન માટે વિનંતી કરી. અને કેટલાક જૈનો ખળભળી ઊઠયા ? "ગુરુદેવ ! આ શું ! કુંભારને ત્યાં ચાતુર્માસ પરિવર્તન ? સમાજ શું કહેશે ?"

હા, જ્યાં પ્રેમ છે, અંતરની નિર્મળતા છે, સત્સમાગમમાં રહીને આગળ વધવાની તમન્ના છે પછી જૈન કોણ અને જૈનેતર કોણ ? વણિક કોણ અને કુંભાર કોણ ?

સમાજ એ તો તમે ઊભો કર્યો છે. આત્માર્થીને સમાજ પણ નથી અને કોઈ સામ્રાજ્ય પણ નથી. એને તો ચૈતન્ય દેખાય છે.

અંતે એમને ત્યાં જ ચોમાસું બદલાવ્યું. વાજતે ગાજતે બધા આવ્યા. સામૈયામાં ઝાકઝમાક નહોતો, મોટું બેન્ડ પણ નહોતું પણ હૈયાના આનંદની છોળો ઊડી જ રહી હતી. "શેરી વળાવી સજ્જ કરો, પ્રભુ ઘેર આવે છે." આ ભજનની ધૂન સાથે મંજીરા અને ઢોલકથી વાતાવરણને ભકિત અને પ્રેમથી ભીંજવીને ભરી દેતા ભાવને જોઇ પેલા વિરોધ કરનારા ભાઇઓ પણ ઓગળી ગયા. એમની આંખમાંય આંસુ આવ્યાં.

એમની વસતીમાં પ્રવચન ગોઠવાયું. ઘરઘરથી ભેગું કર્યું અને શ્રીફળની પ્રભાવના કરી. ચોમાસું એકે નહિ, અનેકે બદલાવ્યું. દરેક કુંભારને થયું : ચાતુર્માસ મારા તરફથી મારે ઘેર થયું છે.

આ કુંભાર ભાઇઓનો મારા પ્રત્યેનો ભાવ અને કુંભારવાડામાં મારું ચાતુર્માસ પરિવર્તન હું આજે પણ નથી ભૂલ્યો.

– કુ. વત્સલા અમીન

# ❋ જ્ઞાનસાર ❋

[ગતાંકથી ચાલુ]

## મગ્નાષ્ટક (૪)

સિકંદરે પૂછયુંઃ કયું રાજ્ય? કોનું રાજ્ય?

વજીરે કહ્યુંઃ એ મૃત્યુનું રાજ્ય છે. આ જન્મની પેલી પાર મૃત્યુને ત્યાં એ ચાલી ગયો છે, જ્યાં આપનું, અમારું, કોઈનું ચાલતું નથી.

ત્યારે સિકંદરને ખ્યાલ આવ્યોઃ હું બધાયનો વિજય કરી શકું છું પણ મૃત્યુનો વિજય કરી શકતો નથી. બધા ઉપર મારું સામ્રાજ્ય ચાલે છે પણ મારા પર મૃત્યુનું સામ્રાજ્ય ચાલે છે.

મૃત્યુ કહે છે કે ચાલ, ત્યારે દુનિયામાં કોઈ એને રોકી શકવા સમર્થ નથી.

તમે કહો કે ફોજદાર મારો દોસ્ત છે, Commissioner મારો ઓળખીતો છે, બહુ સારી વાત. જેલમાં જવાનું હોય, પોલીસ ચોકીના લોકઅપમાં રહેવાનું હોય તો ત્યાંથી કદાચ છોડાવી પણ દે. વાત બરાબર છે. એવા ધંધા કર્યા હોય તો એ જ કામ લાગે ને?

પણ મૃત્યુને ત્યાં જવાનું થાય ત્યારે ન ફોજદાર કામ લાગે, કે ન કમીશનર કામ લાગે, કોઇ કામ ન લાગે. એ વખતે બધી જ ઓળખાણ નકામી.

એક ઓળખાણ કામ લાગે. અરિહંતની. તમે કહોઃ અરિહંતમ્ શરણમ્ પવજ્જામિ.

ભલા માણસ! જે ઓળખાણ છેલ્લે કામ લાગવાની છે એને આખી જિંદગી તું યાદ પણ નહિ કરે? જેનું નામ છેલ્લે લેવાનું છે એને તું કોઈ દિવસ સ્મૃતિમાં પણ નહિ આણે? જેનો આશરો તારે છેલ્લે લેવાનો છે એમાં તું ઠરીશ પણ નહિ?

જવાનો સમય આવશે ત્યારે ઘરના લોકો ભેગા થઇને કહેશેઃ બાપા, પૈસામાં જીવ રાખશો નહિ. પણ બાપા તો માથું ધૂણાવે. બાપાને સંભળાય ઓછું એટલે દીકરો આવીને કાનમાં જોરથી કહેઃ બાપા, પૈસામાં જીવ રાખશો નહિ.

પણ બાપા શું કરે? એ જીવ પૈસામાંથી કેવી રીતે કાઢે? આખી જિંદગી જીવ જેમાં ચોંટયો હોય તે હવે છેલ્લી ઘડીએ કયાંથી નીકળે? ખરી વાત એ છે કે પુદ્‌ગળની આસકિતને લીધે છેલ્લે પણ પૈસામાં જ રુચિ જાગે, વગર કીધે જ જીવ એમાં ઠરી જાય.

મન પરભાવમાં છે. પરભાવમાંથી મુકત થવા સ્વભાવનું ચિંતન કરવાનું છે.

હવે, એમ જ વિચાર કરવો કે હું પરભાવનો કર્તા નથી. ધનનો, ઘરનો, વૈભવનો, દુકાનનો, ઓફિસનો કે મોટામાં મોટી ફેક્ટરીનો —હું કોઈનો કર્તા નથી, હું તો માત્ર દૃષ્ટા છું. પુણ્યનો ઉદય હતો એટલે વધવા માંડયું, પાપનો ઉદય આવ્યો એટલે પડવા માંડયું. પુણ્યનો ઉદય હોય ત્યારે પડવા માગો તો પણ ચઢવા માંડે. બીજામાં ચઢવા માગે તો પણ પડવા જ માંડે.

અજ્ઞાની કહે છે કે 'હું કરું છું.' અરે, તું શું કરતો હતો! જો તું જ બધું કરતો હોત તો બધા જ ભણેલા માણસો, graduates કરોડપતિઓ ન થઇ ગયા હોત?

આજે કેટલાય અડધા ગાંડા જેવા માણસો કરોડપતિ થઇ બેઠા છે. ન એમને અંગ્રેજી વાંચતાં આવડે, ન સરસ સહી કરતાં આવડે, ન જેને કોટનાં બટન લગાડતાં આવડે. એને પરદેશથી મોટી ડિગ્રીઓ લઇને આવેલા 'સાહેબ, સાહેબ' કહે, કાગળો ઉપર નિશાની કે ચોકડી મારીને કહે કે સાહેબ, અહીં આપની સહી કરો.

આ બધું કેમ બને છે? કારણ કે શેઠનું પુણ્ય છે.

બિકાનેરના શેઠની મુંબઇ, કલકત્તા, મદ્રાસ અને દિલ્હીમાં ચાર મોટી પેઢીઓ હતી. શેઠ બિકાનેરમાં આનંદથી જીવે એટલો અઢળક પૈસો હતો, પણ જ્યારે શેઠને કાગળ લખવાનો હોય ત્યારે કાનો માત્ર વગરનો જ કાગળ લખે. એ તો માત્ર અક્ષર લખી જાણે. હગમર લખે તો હિંગ મરી સમજી લેવાનું.

દસ વર્ષ પછી શેઠ પેઢીઓની મુલાકાતે નીકળ્યા. મુંબઇની પેઢીના નાના મુનીમોને શેઠને જોવાની ઘણી જ ઇચ્છા. એટલે એતો શેઠને ધારી ધારીને જોવા લાગ્યા. શેઠે કાગળો ઉપર નિશાની કરેલી જગ્યાએ સહી કરી એટલે મુનીમ તો અક્ષરો જોઇને અજાયબ થઇ ગયા. શેઠ બુદ્ધિશાળી હતા એટલે હસીને કહ્યું: "મુનીમજી, આ અક્ષરો સામે શું જુઓ છો? જોવું હોય તો મારા આ કપાળ સામે જુઓ!"

વાત સાચી છે. અક્ષરમાં શું છે? ઘણાય એવા ઘૂંટી ઘૂંટીને મોતી જેવા અક્ષરો કાઢે પણ મહિને દહાડે ખિસ્સામાં બસો રૂપિયા પણ ન હોય.

પુણ્ય અને પાપની આ રચનામાં જીવ કર્તા થઈને બેસે અને કર્તાના ભાવમાં કર્મ બાંધે જ જાય.

પણ જે જ્ઞાની છે તે સમજે છે: "જગતના ભાવોનો હું કર્તા નથી. હું કાંઈ બનાવી શકું એમ નથી, મારાથી કાંઇ બની શકે તેમ નથી. હું તો સાક્ષી થઇને રહેવાનો."

સાક્ષી થવાની મજા તો ઓર છે. કોર્ટમાં કેસ ચાલે ત્યારે વાદી આવે, પ્રતિવાદી આવે, વકીલ આવે, સોલિસિટર આવે, ન્યાયાધીશ આવે અને સાક્ષીઓ પણ આવે. મહેનત બધાને કરવાની. વાદી અને પ્રતિવાદીઓ પોતાના કેસને જોઈએ તેવો મરોડ આપીને સોલિસિટર પાસે બ્રીફ બનાવે. કેસમાં રહી ગયેલી ખામીઓ મગજમાં ગોઠવી કરીને વકીલો કોર્ટમાં આવે. અને ન્યાયાધીશ બધી જ દલીલો એકાગ્રતાપૂર્વક બેઠો બેઠો સાંભળે.

કેસની સુનાવણી શરૂ થાય અને સાક્ષીને બોલાવવામાં આવે. પૂછે:....ભાઇએ રૂપિયા આપ્યા ત્યારે તમે ત્યાં હતા? "હા" કેટલા આપ્યા? "૫૦૧)–" કોને આપ્યા? "ફલાણા ભાઇને" સાક્ષી પૂરી થઈ. સાક્ષી બહાર નીકળી ગયો. એને કેસ કોની તરફેણમાં આવે તેનો વિચાર પણ નહિ, અફસોસ પણ નહિ. એણે તો જે જોયું તે કહ્યું અને પતી ગયું. સાચા સાક્ષીને કોઇ વાંધો નહિ, એને કાંઈ લાગે વળગે નહિ.

કેસ પૂરો થાય, ન્યાયાધીશ એનો ન્યાય આપે ત્યારે કાંતો વાદી રૂએ કાં પ્રતિવાદી રૂએ. અને હારે તેનો વકીલ ઘરે જાય પણ ખાવાનું ન ભાવે. જીવ બળ્યા કરે: મારા અસીલની ઇજ્જત ગઇ, એ બિચારો ખલાસ થઈ ગયો, હું બરાબર plead ન કરી શકયો. અને લોકો તો ન્યાયાધીશને પણ ન છોડે. 'ન્યાયાધીશે અમને અન્યાય કરી નાખ્યો.'

પણ સાચો સાક્ષી તો કોર્ટમાં આવે, ઊભો રહે, જુએ, કહે અને નીકળી જાય. એ સાચો છે પછી એને ખોટો કહેવાની હિંમત ન્યાયાધીશને થાય ખરી?

સાચો સાક્ષી બોલે અને એની આંખમાં અને શબ્દોમાં જોર આવે.

ઘણા વર્ષો પહેલાં અંતરીક્ષજીના કેસમાં પૂ. સાગરજી મહારાજને કોર્ટમાં જવું પડયું. ન્યાયાધીશે કહ્યું: તમે હવે સોગંદ લો કે હું આ કોર્ટમાં જે કહીશ તે ઇશ્વરની સાક્ષીએ કહીશ. પૂ. સાગરજી મહારાજે સોગંદ લેવાની ના કહી. એમણે કહ્યું: "હું આજે સોગંદ લઉં એનો અર્થ એ થયો કે અત્યાર સુધી હું જૂઠું બોલતો હતો. મેં તો જ્યારથી દીક્ષા

લીધી ત્યારથી જ સાચું બોલવાનો નિર્ણય કર્યો હતો. હવે આજે આટલા વર્ષો પછી તમારી આગળ હું શું સોગંદ લેવાનો હતો.'' ન્યાયાધીશે એમને સોગંદ લીધા વિના આગળ વધવાનું કહ્યું. અંદર સત્ય હતું તો સોગંદની શી જરૂર ?

પણ તમે બોલવા જાઓ અને જીભમાં લોચા વળે, આંખો માછલીઓની જેમ રમતી હોય કારણ કે અંદર અસત્ય રમતું હોય છે. જે અંદર છે તે જ બહાર આવે છે.

"જાકે મનમેં સાચ બસત હૈ, જૂઠ તહાંકુ ન ભાવે."

જેના મનને સાચું ભાવે એને જૂઠું ભાવે જ નહિ, જૂઠ એની સામે ઊભું રહી શકે જ નહિ.

સત્ય જીવનમાં બળ લાવે છે, મનને તાકાતવાન બનાવે છે.

દુનિયામાં જેને સદા આગળ વધવું હોય તેનો પાયો અને પગ મજબૂત હોવા જોઈએ. સાચો સાક્ષી જ્યાં જાય ત્યાં એને સફળતા જ વરે છે.

જેનામાં સાક્ષીપણું આવી ગયું એ પરબ્રહ્મમાં, ભગવાનમાં લાગી ગયો છે.

કોઇ કહે છે કે ભગવાન વૈકુંઠમાં છે, કોઈ કહે છે કે સર્પના ઉપર શયન કરી રહ્યા છે, કોઇ કહે છે કે વૃંદાવનમાં છે તો કોઇ કહે છે કે સિદ્ધશિલામાં છે પણ અહીં કહ્યું કે ભગવાન આ બેઠા, અહીં આપણામાં જ છે. ભગવાન બધાની અંદર નાનકડી જગ્યા રોકીને બેઠા છે. આંખની કીકી કરતાં પણ નાની જગ્યામાં પરમાત્મા બેઠા છે.

તો આવડો મોટો માણસ આવા ઝીણા પરબ્રહ્મમાં મગ્ન કેવી રીતે બની શકે ?

ઉપાધ્યાયજીએ સ્તવનમાં ઉપમા આપી કહ્યું: આંખની નાની કીકીમાં મોટો હાથી સમાઇ જાય છે તેમ પ્રભુ તમે મારા નાના-શા અંતરમાં સમાઇ જાઓ છો.

ધ્યાનમગ્ન આત્મા સૂક્ષ્મ પરબ્રહ્મમાં આખોને આખો ચાલ્યો જાય છે.

જે પરબ્રહ્મમાં મગ્ન થયો એને દુનિયાના ભોગની, ઝગડાઓની, માથાફોડની–આ બધી પૌદ્ગલિક કથા નિસ્તેજ લાગે, નીરસ લાગે.

દુનિયામાં ચાલતી ચાર કથાઓ–રાજ કથા, દેશ કથા, ભોજન કથા અને સ્ત્રી કથા–આ ચારેની અંદર એ શિથિલતા જ અનુભવે. થાય કે આમાં શું સાંભળવાનું છે ? જેને જે બોલવું હોય તે બોલવા દો.

પૂ. સાગરજી મહારાજ પાસે એક મોટો માણસ મળવા આવ્યો. વાતો કરતાં કરતાં ધંધાની વાતમાં ઊતરી પડયો. મોટા મહારાજજીને સાંભળતાં સાંભળતાં થયું કે આ કંઇ ઊઠે એમ નથી અને પહેલવહેલો આવ્યો છે એટલે ઉઠાડવો પણ મુશ્કેલ. રાત્રિનો સમય થયો એટલે મોટા મહારાજે કાઉસગ્ગ શરૂ કર્યો. પેલા ભાઈ બોલતા જ રહ્યા અને ઉપાશ્રયમાં અંધારું એટલે કાંઈ ખબર ન પડે. બધી વાત પૂરી થઈ એટલે ભાઇ બોલ્યા: 'મહારાજજી! આપે તો કાંઇ કહ્યું નહિ.' ત્યાં મોટા મહારાજ બોલ્યા: 'નમો અરિહંતાણં.' 'એ શું વળી? તમે મારી વાત સાંભળી કે નહિ એ તો કહો ?' પૂ. મહારાજજી બોલ્યા: 'અરે ભાઇ! મારે કાઉસગ્ગ કરવાનો બાકી હતો અને તેં લાંબી વાત માંડી. તેં વાત કરી અને મેં કાઉસગ્ગ કર્યો. તારી વાત પણ થઇ અને મારું કામ પણ થયું. આપણે બન્ને રાજી થયા.'

સમયની કિંમત માણસને સમજાઇ નથી, નહિ તો પુદ્ગળની કથામાં સમયને ન લૂંટાવવા દે. પુદ્ગળની કથા બને ત્યાં સુધી કાને ન પડે તો સારી વાત છે. કારણ કે આ દુનિયામાં એ જ ચાલે છે.

જ્યારે પરબ્રહ્મમાં જીવ લાગી જાય છે પછી પુદ્ગળની કથામાં રસ ન પડે.

જેને પુદ્દગળની કથામાં રસ ન પડે એની પાસે કોઇ સોના ચાંદીની વાત કરે તો એ સોના ચાંદીમાં એને શું મઝા આવે? એને આ ઉન્માદકારક વસ્તુમાં શું રસ પડે?

જે ખાવાથી માણસ ગાંડો થાય, જે પીવાથી મગજ ચાલ્યું જાય, જે જોવાથી મન વ્યગ્ર અને વિકારી બને એ બધાં પદાર્થો ઉન્માદકારક છે.

તમને તો ખબર જ હશે કે દારૂનો, ભાંગનો ઉન્માદ ઊતરી જાય છે પણ સોનાનો કેફ એકવાર મગજમાં ચઢી ગયો પછી એનો ઉન્માદ ઉતરતો નથી.

જેને સોનાનો ઉન્માદ ચઢયો એને પોતે શું કહે છે એ પણ સમજાતું નથી.

એક ભાઇ પાસે સંપત્તિ અઢળક થઈ ગઇ તો એ challenge કરતો કહેઃ તમે કહો તો હું નવો ઉપાશ્રય બાંધું, તમારું દેરાસર નહિ પણ હવે મારું દેરાસર બંધાવું, જરૂર પડે તો હું નવા ભગવાનને પણ બનાવી શકું છું.

આ કેફને લીધે એ કોનું અપમાન કરશે, કોની અવહેલના કરશે કોના વિરુદ્ધમાં જઈને ઊભો રહેશે એ સોનાના ઉન્માદમાં પડેલા જીવને ખબર પડતી નથી.

એ મનમાં એમ જ માનતો હોય છે કે મારે કોના બાપની સાડીબાર છે!

વાત સાચી છે. ભાઈ! તારી પાસે એટલું બધું સોનું છે કે તું કોઈની પરવા કરે એમ નથી. ભાંગનો કેફ ખાટી છાશ પીવાથી ઊતરે પણ પણ ધનનો ઉન્માદ ઉતારવો બહુ મુશ્કેલ છે.

પૌદ્દગલિક વસ્તુઓના સુખને લીધે એના મગજમાં એમ થાય કે મારે હવે શ્રવણ કરવાની જરૂર નથી, કોઈ હવે મને વધારે કહી શકે એમ નથી અને હું જે કાંઈ કહું એ જ બરાબર છે.

આવા સુખીને પછી કોઈ સાચી શિખામણ પણ આપવા તૈયાર નથી. ગરીબ કે મધ્યમ વર્ગનાને તો કોઈ કહેનારું પણ હોય પણ પૈસાદારને કોણ કહેવા આવે? તમારા મનમાં થાય કે આ પૈસાદાર છે, કો'ક દહાડો એની જરૂર પડશે. શિખામણ આપવી જવા દો ને! ભેંશનાં શિંગડાં ભેંશને ભારે.

કહેવાનું મન થાય તો પણ ન કહી શકાય. કેટલું બધું નુકશાન? આગ લાગી હોય તેમ છતાં એના ભયને લીધે માણસ કાંઈ કહી ન શકે એ નવાઇ ન કહેવાય?

પાંચમા જ્યોર્જના જીવનનો એક પ્રસંગ છે. એનું મગજ એટલું બધું ગરમ કે એને એક એવો કડક નિયમ કે એ બોલે ત્યારે કોઇએ વચ્ચે બોલવું નહિ. એકવાર સવારના પોતાની પૌત્રીની સાથે નાસ્તો કરી રહ્યા હતા, બ્રેડ અને મુરબ્બો Jam ખાઈ રહ્યા હતા. ખાતાં પૌત્રીએ કાંઈ જોયું અને બોલી ઊઠીઃ "દાદા દાદા" ત્યાં દાદા બોલ્યાઃ "ચૂપ" પૌત્રી ચૂપ રહી. નાસ્તો પૂરો થયો એટલે પૌત્રીને પૂછયુંઃ "હવે કહે, શું છે તારે?" પૌત્રી બોલીઃ "દાદા, એ તો ઊતરી ગયો તમારા પેટમાં." "શું ઊતરી ગયો?" "મુરબ્બામાં પડેલો વાંદો." "હેં! વાંદો!" હવે શું વળે?

પણ જે સાક્ષીભાવમાં જીવે છે એને આવો ઉન્માદ નહિ આવે. એ કહેઃ સંપત્તિ ભલે હોય, હું, એનો પણ સાક્ષી છું. જોઇએ તો વાપરી નાખીશ. હું એનો માલિક નથી માત્ર સાચવનારો છું.

આ સાક્ષીપણું આવી જાય પછી અઢળક સમૃદ્ધિના સ્વામી બનો તેમ છતાં પણ તમે નમ્ર રહો, જાગૃત રહો, કોઈના પણ ઉપદેશને ગ્રહણ કરવા તૈયાર રહો અને મિત્રોને કહી

રાખો કે ભાઈ, જરા શિખામણ દેતા રહેજો, અમારી ભૂલ થાય તો સુધારો કરતા રહેજો.

સંસારમાં આવા મિત્રો ન હોય તો જીવન નકામું છે.

"રીસ ચઢે દેતાં શિખામણ ભાગ્યદશા પરવારી."

આપણને કહેનાર કોણ છે? બધા જ વાહ વાહ કહેનારા છે, જરૂર પડે તો ધકકો મારનારા છે. કોઈને તમારે માટે લાગે છે?

આપ્તમિત્ર જ તમને સાચું કહેશે, શિખામણ દેશે પણ એ તમને કડવી લાગે તો જાણવું કે તમારું ભાવી નબળું છે તમને કોઈ બીજી દિશામાં જ લઈ જઈ રહ્યું છે.

કોઈ શિખામણ દે એને કહેવું: "તમારા જેવો મારો હિતસ્વી મિત્ર કોણ જે મને આવી સાચી શિખામણ આપે?"

જેને પૌદગલિક કથામાં શિથિલતા લાગી એનું મન દેદિપ્યમાન એવી સ્ત્રીની ચેષ્ટાઓમાં કે એના શબ્દોથી ઊભી થતી ઘૂમરીઓ અને ગૂંચવણોમાં કયાંથી લાગે? એના તરફ એનું મન કેવી રીતે આગળ વધે?

એ સ્ત્રીઓને શ્રવણ કરે પણ તટસ્થ ભાવમાં રહે. એના તરફ એનું મન ન લંબાય કારણ કે એના કરતાં એને કંઈક વધારે સારું મળ્યું છે, રૂપ કરતાં ચઢિયાતા એવા પરમરૂપનું એને દર્શન થયું છે!

જે પરભાવમાંથી સ્વભાવમાં આવ્યો, જે કર્તા મટી દૃષ્ટા બન્યો અને પરબ્રહ્મમાં મગ્ન બન્યો એને વિષયોની કથા નિસ્તેજ લાગે. એવા દિલને હવે સોનાનો ઉન્માદ કેવો? અને સ્ત્રીઓના હાવભાવની ઘેલછા પણ કેવી? એ તો હવે પોતાના આનંદમાં જ મસ્ત છે. (સંપૂર્ણ)

## જ્ઞાન: જે લાવે સાન

બહારથી વજ્ર જેવા દેખાતા માનવના અંતરમાં પણ પુષ્પ જેવી કોમળતા છે. પણ આ સુષુપ્ત અંતરને કો'ક જગાડનાર મળે તો જ એની લાગણીઓ પાંગરે.

પૂ. ગુરુદેવે રવિવારે (તા. ૮-૧૧-૭૦) સાંજે છ વાગે શ્રી ત્રિ. જ. હાઇસ્કૂલના સ્નેહ સંમેલનમાં દાન માટે કહ્યું ન કહ્યું ત્યાં જનતા તરફથી અર્પણનો આનંદ ઊભરાતો દેખાયો. જોતજોતામાં દાનની વૃષ્ટિ થઈ!

શાળાના સ્નેહસંમેલનમાં વાલીઓને અને સદ્‌ગૃહસ્થોને સંબોધતાં શાળાના આચાર્ય શ્રી ઉપાધ્યાયે કહ્યું:

"આજે આપણે માટે આનંદનો દિવસ છે. આપણે સર્વે શેઠ ત્રિ. જ. એજ્યુ. સોસાયટીએ યોજેલ સ્નેહસંમેલનમાં નવા વર્ષની શુભેચ્છા વ્યકત કરવા ભેગા મળ્યા છીએ. આ શુભ અવસરે નવા વર્ષનો મંગળ સંદેશ આપવા મુનિશ્રી ચિત્રભાનુ મહારાજ પણ પધાર્યા છે તે આપણું અહોભાગ્ય છે. આ પ્રસંગે પધારેલા પૂ. મુનિશ્રી તેમ જ આપ સર્વેનો હાર્દિક સત્કાર કરતાં ખૂબ આનંદ થાય છે.

આજનો દિન સંસ્થાના ઇતિહાસમાં અજોડ છે અને સુવર્ણ અક્ષરે અંકિત થશે કારણ સંસ્થાના રજતજયંતી પ્રસંગે ખરીદ કરેલી વિશાળ જગામાંથી છ-છ વર્ષના અવિરત પ્રયાસ બાદ સર્વ પ્રથમ અડધી ઉપર જગાનો કબજો મેળવવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. અને આ ભવ્ય કમ્પાઉન્ડમાં આપણા સમાજનું સ્નેહ-સંમેલન મળી રહ્યું છે. તેના કરતાં પણ અધિક તો "મૈત્રીભાવનું પવિત્ર ઝરણું" વહાવતા વિદ્યાના પરમઉપાસક આપણા મહાન ગુરુદેવ પૂ. મુનિશ્રીના ચરણકમળથી આ પટાંગણ

અંકિત થાય છે અને મને પૂર્ણ શ્રદ્ધા છે કે હવે એમની આશિષો વડે સંસ્થાની ભવ્ય વિકાસ યોજના ટૂંક સમયમાં જ મૂર્ત સ્વરૂપ પામશે महानुभाव कस्य नोन्नतिकारकः?

થાણા જૈન સંઘના આમંત્રણને માન આપી ચાતુર્માસ ગાળવા પધારેલા પૂ. મુનિશ્રી થાણાની જૈન તથા જૈનેતર પ્રજામાં એટલા પ્રિય થઇ પડયા છે કે ભાગ્યે જ એમનો પરિચય આપવાનો હોય છતાં એટલું કહીશ કે ભગવાન મહાવીર પછી જે અનેક પ્રભાવશાળી જૈનાચાર્યો થયા છે એમાં એમનું સ્થાન વિશિષ્ટ છે.

એમનું વ્યકિતત્વ નીચેના સુભાષિતમાં સ્પષ્ટ તરી આવે છે.

वदनं प्रसाद सदनं, हृदयं सदयं, सुधामधुर वाचः ॥
करणं परोपकरणं येषां, केषां न ते वन्द्याः ॥

ભારતદેશ જેમ કૃષિપ્રધાન છે તેમ ઋષિ-પ્રધાન છે. અહીં અનેક ધર્મ પરંપરાના ઋષિ-મુનિઓ પેદા થયા છે. જેમણે સંપ્રદાય, જાતિ, દેશ, કાળથી પર જઈ સમગ્ર માનવજાતિ માટે શાંતિ, પ્રેમ અને કરુણાનો દિવ્ય સંદેશ વહેવડાવ્યો છે. આવા જ લોકકલ્યાણકારી આચાર્ય શ્રી ચિત્રભાનુ મહારાજ છે.

એઓમાં શાસ્ત્રનું ઊંડું જ્ઞાન, વિદ્વત્તા અને વાણી પર પ્રભુત્વ છે. સર્વ ધર્મ પ્રત્યે સમભાવ, અર્વાચીન દૃષ્ટિ modern outlook, સંકુચિત ભાવનાઓ ત્યજી વિશાળ દૃષ્ટિ અપનાવવાનો એમનો આગ્રહ કોઈ પણ જૈન કે જૈનેતરને માન ઉપજાવે છે. ચાતુર્માસ દરમ્યાન સાંભળેલાં એમનાં અનેક પ્રવચનો પરથી હું એટલું નિઃશંક કહી શકું કે ઘરગથુ દૃષ્ટાંતો, રૂપકકથા અને સ્વાનુભવના પ્રસંગો પરથી ધર્મ, તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ-વિદ્યાની અગમ્ય વાતો નિરાકાર કે સાકાર હો તેમને ગળે ઉતારવાની એમની શકિત અસા-માન્ય છે. એમનું જીવન સતત પ્રવૃત્તિમય છે. એમણે સ્પષ્ટ કહ્યું છે કે જ્ઞાનવિના—સમજવિના કરેલી ક્રિયા વ્યર્થ છે. આજના યુગનાં એંધાણ સમજી શિક્ષામાં થતા ફેરફારોને એઓ આવકારે છે. નવી પદ્ધતિની ઉચ્ચ કેળવણી, ધર્મના સંસ્કાર અને સમાજનું હિત હૈયે ધારણ કરી કાર્ય કરે એવા સમાજને ઘડવાની એઓ પ્રેરણા આપે છે.

આવા શિક્ષણ પ્રચારમાં રસ ધરાવતા પ્રગતિશીલ મુનિશ્રી આગળ આપણી સંસ્થાની ટૂંક રૂપરેખા રજૂ કરું તો અસ્થાને નહિ લેખાય.

આ સંસ્થાના સંચાલકોએ પૂર્વ પ્રાથમિકથી માધ્યમિક સ્તર સુધીના અભ્યાસની સગવડ થાણાના બાળકો માટે પૂરી પાડી છે. લગભગ ૧૭૦૦ બાળકો આમાં શિક્ષણ લઇ રહ્યાં છે.

સંસ્થાને અદ્યતન સ્વરૂપ આપવા હજી ઘણું કરવાનું બાકી રહે છે. સંસ્થાનું શિક્ષણ સુધારવા પાળી પ્રથા—shiftsystem બંધ કરવી આવશ્યક છે. અને તેને માટે વધારાના ઓરડાઓ પૂરા પાડવા જોઈએ. સેનીટરી બ્લોક બાંધવાની યોજના હજી અધૂરી જ છે. વાચના-લય અને ઑડિટોરીયમ પૂરું પાડવાની પણ આવશ્યકતા છે. આ બધાનોઃ અંદાજે ખર્ચ રૂા. ૩,૦૦,૦૦૦) તો ઓછામાં ઓછો થવા સંભવ છે.

આશા છે કે પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુના પદારવિંદથી અંકિત થયેલ આ કમ્પાઉન્ડમાં અમારી યોજનાને સાકાર કરવામાં સહાયકતા મળશે જ. ''

શ્રી પ્રભાકરભાઈ મહેતાના મનમાં એક વિચાર સ્ફુર્યો કે ધનાઢ્ય વર્ગ પાસે જઈને મોટી રકમની આશા રાખવા કરતાં ઘેરઘેરથી પૈસા એકત્રિત કરવા શું ખોટા? અને તેમણે પોતાના તરફથી સો રૂપિયા આપીને શરૂઆત કરી.

# વિદ્યાનું દાન કે દાનની વિદ્યા?





જે શાળાના હજાર જેટલા બાળકોએ જૈન થાણા મંદિરના ઉપાશ્રયમાં જ્ઞાનસત્ર ગોઠવાતાં ત્રણ ત્રણ દિવસ સુધી પૂ. ગુરુદેવનાં પ્રવચનો દ્વારા પ્રેરણાત્મક વિચારો ઝીલ્યા તેમની જ શાળાના શેઠ ત્રિ. જ. હાઈસ્કૂલના પટાંગણમાં બાળકોના વડીલો સમક્ષ પૂ. ગુરુદેવને આવકારી મંગલસંદેશ કહેવા નમ્ર વિનંતી કરતા શાળાના આચાર્ય શ્રી ઉપાધ્યાય.

# દેહનું પર્યટન, વિચારોનું પરિવર્તન




સંતનો સમાગમ થતાં સાડાચાર મહિના આંખના પલકારામાં વીતી ગયા,, જ્ઞાનગંગાનું પાન થતાં જીવનમાં સંકલ્પ શકિત જાગી, પરિવર્તન લાવવાની નિર્મળ ભાવના જાગી. એવા થાણાના આતુર અને ઉત્સુક ભાવિકો ચાતુર્માસ પરિવર્તનના શુભ દિવસે પૂ. ગુરુદેવની વાણીનું પાન કરતા જણ ય છે.

## તૃષાતુર આત્મા ક્યાં નથી ?




હાઈ-વે ઉપર આવેલા ટાગોર નગરમાં રહેતી જનતાનાં ભાવ અને ભક્તિ ઊભરાતાં પૂજ્ય ગુરુદેવ ત્યાં પધાર્યા અને એ દિવસના મુકામમાં પણ ત્રણ પ્રવચનો ગોઠવાયાં તેમાં છેલ્લા દિવસે વિશાળ ચોગાનમાં જાહેર પ્રવચન આપતા પૂ ગુરુદેવ.

## આનંદ છે ત્યાં ઊંઘ નથી, ઉત્સાહ છે ત્યાં થાક નથી



અંધારી રાત્રિએ પણ આત્મજ્ઞાનનો પ્રકાશ મેળવવા તત્પર બનેલા વિક્રોલીના શ્રોતાજનોમાં નાત જાતનો ભેદ ભુલાયો, કોમ અને કુળનો ગર્વ ગળી ગયો અને "હમ સબ એક હૈ" "હમ સબ ચૈતન્ય હૈ"નો નાદ પૂ. ગુરૂદેવના મુખે સંભળાયો.

ત્યારબાદ પૂ. ગુરુદેવે શ્રોતાજનોમાં જાગૃતિ લાવતા વિચારો વ્યકત કર્યા:

ગૌતમ પાસે ત્રણ વિદ્યાર્થીઓ ભણતા હતા. બાર વર્ષ અભ્યાસ કરી સમાજને જ્ઞાનથી સમૃદ્ધ કરવા ગુરુની આજ્ઞા લેવા આવ્યા.

ગુરુએ કહ્યું: સાંજ પડવા આવી છે, નજીકમાં નાનું શું–મંદિર છે ત્યાં એક પછી એક જાઓ અને પ્રભુ પાસે દીવો કરીને આવો પછી વાત.

પહેલો વિદ્યાર્થી ગયો, થોડું–શું અજવાળું હતું, માર્ગમાં કાંટા જોયા એટલે ઠેકડો મારીને આગળ નીકળી ગયો. મનમાં થયું: ચાલો, મારું સદ્ભાગ્ય કે કાંટા ન વાગ્યા. !

બીજો વિદ્યાર્થી ઉતાવળો નીકળ્યો. કાંટામાં પગ પડતાં જ બોલી ઊઠયો: કયા મૂર્ખે માર્ગમાં કાંટા રહેવા દીધા? મોઢામાં બબડાટ હતો, પગમાં શૂળનું દુઃખ હતું.

ત્રીજા વિદ્યાર્થી નીકળ્યો અને પગ કાંટામાં પડતાં જ દીવાના આછા પ્રકાશમાં કાંટા વીણવા બેઠો. 'આ કાંટા મને વાગ્યા તેમ બીજા કોઈને વાગશે તો ?'

ત્રણે વિદ્યાર્થી દીવો કરીને ગુરુને વંદન કરવા ગયા પણ ત્રીજો મોડો પડયો ત્યારે ગુરુએ પૂછયું: "વત્સ! તને મોડું કેમ થયું?" "ગુરુદેવ! માર્ગમાં પડેલા કાંટાને દૂર કરવામાં સમય લાગ્યો."

ગુરુદેવે હસીને કહ્યું: "તારો વિદ્યાભ્યાસ પૂરો થયો. પેલા બે તરફ ફરીને કહ્યું: તમારે ફરી અધ્યયન કરવું પડશે."

ત્રણે સાથે ભણ્યા, સરખા ઉત્તર આપ્યા, તેમ છતાં એકનો અભ્યાસ પૂરો થયો, બીજાનો અધૂરો કેમ ?

પરના દુઃખને પોતાનું ગણવાની સમજ એ વિદ્યા છે. પરના દુઃખની ચિંતા કરવાની દૃષ્ટિ પ્રાપ્ત થવી તેનું નામ વિદ્યા છે. આજે આ જ્ઞાનની જરૂર છે. બે ભાઈ હતા. એકે બાહ્ય સમૃદ્ધિ ખૂબ મેળવી તો બીજાએ અંતરને સમૃદ્ધ કર્યું. એક દિવસ બે બેઠા હતા ત્યારે મોટોભાઇ બોલ્યો: "તું આખો દિવસ વાંચ્યા કરે છે, આંખ બંધ કરીને વિચાર્યા કરે છે, તેં તારી યુવાની બરબાદ કરી. જો મેં કરોડો રૂપિયા ભેગા કર્યા, જો આ મારો મોટો બંગલો, મારી ગાડીઓ, અરે, મને મળવા તો કેટલા પડાપડી કરે છે....'હું' કેવો...."

ત્યાં વચ્ચે જ નાનાભાઈએ પ્રશ્ન કર્યો: "એ 'હું' કોણ? એ તો મને કહો." મોટાએ કહ્યું: "એ તો મને ય ખબર નથી 'હું' કોણ છું."

"જે 'હું' ને માટે તમે વૈતરાં કર્યાં, કરોડો ઊભા કર્યા, જે 'હું' ને મળવા હજારો આવે ત્યારે અભિમાન કર્યું એ 'હું' કોણ છું એ જાણો નહિ, એને સાંભળો નહિ, એની સાથે વાત કરો નહિ તો તમારી બધી કમાણીનું સરવૈયું શૂન્યમાં ન પરિણમે ?"

બધું કરજો પણ એને જોવાનું, એને વિચારવાનું, એની સાથે વાર્તાલાપ કરવાનું ભૂલતા નહિ. એનો જ નિદિધ્યાસ કરવાનો છે, એને જ સાંભળવાનો છે, એના જ સાન્નિધ્યમાં રહેવાનું છે, એની જ મૈત્રી કરવાની છે.

તમને બધા છોડી જાય, દુનિયા એનું મોઢું ફેરવી લે ત્યારે એ જ મોઢું સામું કરીને બેસશે. એને નામ, ભાષા, દેશ, જાતિ કાંઈ નથી.

તમે કહો છો: "હું ગુજરાતી, હું મારવાડી, હું મરાઠી, હું...."

આ બધાં તો ખાંડનાં રમકડાં છે. નાનું બાળક કહે: મને કુતુબમિનાર આપો, તાજ-

મહાલ આપો. ન આપો તો રોવા બેસે. પણ કંદોઇ જાણે છે કે આ કુતુબમિનાર પણ નથી અને તાજ પણ નથી. આ તો ખાંડ છે. બાળકોને મન આકાર છે પણ સમજદારને મન તો માત્ર નિરાકાર છે, માત્ર મીઠાશ જ છે.

એમ આપણા દેહમાં બધા આકાર છે. પણ જ્ઞાનીને મન ચૈતન્યની મીઠાશ છે. બધામાં ચૈતન્ય વિકસી રહ્યું છે. એકાંતમાં બેસીને એને સાંભળો.

તમને પૈસો મળ્યો છે તો સુક્ષેત્રમાં વાવો. પૈસા દીકરાને આપશો તો એક દીકરો ખાશે પણ શાળાને આપશો તો અનેક પામશે. એકનો બાપ બનવા કરતાં હજારોના બાપ કેમ ન બનો ?

તમારી શકિતનો સદુપયોગ કરવાનો અવસર આવ્યો છે તો તમારા હૃદયનાં દ્વાર ખૂલવાં જોઈએ.

આજે અહીં આ પટાંગણમાં એવું સ્થળ કેમ ન બાંધો જેમાં વિશાળ હૉલ હોય, હૉલમાં સુંદર પ્રવૃત્તિઓ ચાલતી હોય, બાળકોનું અધ્યયન હોય, સંગીત હોય, ગરબા હોય, બહેનોને પગભર કરી શકે એવી ઉદ્યોગગૃહની પ્રવૃત્તિ હોય.

જ્યાં તમે રળો, કમાઓ, પેદાશ કરો એ ગામમાં સર્જન થવું જોઈએ. જો સર્જનમાં મોડા પડશો તો પશ્ચાત્તાપ કરવાનો વારો આવશે.

તમે એવી હવા ઊભી ન કરો કે બીજા તમને સંસ્કાર સંપન્ન જુએ. તમારા તરફ પ્રેરાય, તમારામાંથી કાંઇક મેળવીને સમૃદ્ધ બને ?

તમે સહુ પ્રેમની દોરીથી બંધાઇને રહેજો. હું કચ્છી, હું મારવાડી, હું ગુજરાતી, હું બ્રાહ્મણ હું વાણિયો એવી વાતો લાવીને દીવાલ ન બનશો. ભલે તમારા મોઢાં જૂદાં હોય, પણ અવાજ તો એક જ રહે; આંખ બે પણ દૃષ્ટિ એક બને.

દરેક માબાપ એમ જ ઇચ્છે કે મારા બાળકને એક દાગીનો ઓછો હશે તો ચાલશે પણ શાળાનું મકાન નહિ હોય તો નહિ ચાલે.

પ્રજાને સમૃદ્ધ દાગીનાથી નહિ જ્ઞાનથી કરો.

પ્રભાકરભાઇએ રૂા. ૧૦૦] થી શરૂઆત કરી પણ હું કહું છું કે એક બીજું મીંડું વધારી લો તો કાલે જ કામ થઈ જાય. તમારા આચાર્ય શ્રી ઉપાધ્યાયના હાથ નીચે તમારાં બાળકો ભણે, આકાર લે એ એમનું સદ્ભાગ્ય છે.

તમારા બાળકોને સંસ્કાર સંપન્ન આચાર્ય મળ્યા, શ્રી જયંતીલાલભાઇ જેવા સહૃદયી નગરશેઠ મળ્યા અને સેવાભાવી નાગરિકો મળ્યા આ જોઈને મને આનંદ થાય છે.

અંતમાં—એટલું જ કહેવાનું :

मातावैरी पिताशत्रुः येन बालो न पाठितः ।
सभामध्ये न शोभते हंस मध्ये बको यथा ॥

જેમ હંસની સભામાં બગલો ધોળો છે છતાં શોભે નહિ એમ વિદ્વાનોની સભામાં અજ્ઞાની કયાંથી શોભે ?

તમારા સહુના તનમાં તંદુરસ્તી, મનમાં શાંતિ, વિચારોમાં ક્રાંતિ અને જીવનમાં સમગ્ર રીતે શ્રી રહે એવી શુભેચ્છા.

પૂ. ગુરુદેવનું પ્રવચન પૂરું થયું, દાનનો પ્રવાહ શરૂ થયો અને જોતજોતામાં પચાસ હજાર ભેગા થયા. •

---

પૈસાનું દાન દેનાર જગતમાં દાતા તરીકે પંકાય છે, જીવનનું સર્વસ્વ અર્પનાર તો સદા અણપ્રીછયા જ રહ્યા છે !

ચિત્રભાનુ

# ચાતુર્માસ પૂર્ણાહુતિ

ચાતુર્માસ પ્રવેશમાં ઉમળકો છે તો પરિવર્તનમાં ગાંભીર્ય છે. જ્ઞાનગંગાનું વહેણ પોતાના ગામમાં વાળતાં જે આનંદ થયો, હૃદયો નવપલ્લવિત થયાં એ જ વહેણ બીજી દિશામાં વળતાં આંખમાં આનંદને બદલે અશ્રુ આવ્યાં, હળવાં હૃદય ભારે થયાં. પણ જેને મહાસાગરને મળવું છે એ વહેણ કદી અટકયું છે ખરું? જેને ખુલ્લા મેદાનમાં વિહરવું છે એ પથિક દીવાલોમાં લાંબો સમય રહી શકે ખરો? સાધુ તો ફૂલ જેવા છે, વિચારોની સુવાસ મૂકીને આગળ વધતા જ જાય.

પૂ. ગુરુદેવનું છેલ્લું પ્રવચન સાંભળવા ઉપાશ્રયનો હૉલ ભરાઇ ગયો. શનિવાર તા. ૧૪–૧૧–૭૦ આતુર શ્રોતાજનો એકત્રિત થયા.

પૂ. ગુરુદેવે 'સત્યમ, શિવમ્ અને સુંદરમ્' આ ત્રણ સૂત્રોથી જીવનને સુંદર કેમ બનાવવું તે સમજાવ્યું. ત્યારબાદ થાણા સંઘના પ્રમુખ શ્રી રૂપચંદજીભાઈ ઊભા થયા અને ગદ્ગદિત હૃદયે કહ્યું:

"સાડા ચાર મહિના સુધી આપે સાદી શૈલીમાં જે અમૃતપાન કરાવ્યું, થાણાની જનતાને જે સમજાવ્યું એવું અમને આ હૉલમાં આજ સુધી કોઈએ પણ સમજાવ્યું નથી એવું પ્રમાણિકપણે હું કબૂલ કરું છું.

"આજે આપને વિદાય દેતાં અમારો સંઘ, આપે અમારા ઉપર કરેલો ઉપકાર કેમ ભૂલી શકે? સાધુની સાધુતા વિહાર કરવામાં છે. ચાતુર્માસ પૂરું થયા બાદ બધાને અમૃતપાન કરાવવા વિહાર કરવો જોઈએ પણ અમે નમ્રભાવે વિનંતી કરીએ છીએ કે વિહાર કરતાં કરતાં આપ થાણા તરફ પધારી જે બગીચાને જીવંત કર્યો છે એમાં અમૃતપાનનું સિંચન કરતા રહેશો અને આવતું ચોમાસું થાણામાં જ કરશો.

"અમારા તરફથી કોઈ અવિનય થયો હોય, આપની વાણી સંભળાવતાં ડખલગીરી ઊભી કરવામાં આવી હોય, કોઈ ભૂલ થઈ હોય, આશાતના થઈ હોય તો શ્રી સકળ સંઘ વતી હું મિચ્છામિ દુક્કડમ્ માગું છું"

ત્યારબાદ થાણાના નગરશેઠ શ્રી જયંતીભાઈ થાણાવાલાએ પૂ. ગુરુદેવને થાણામાં ચોમાસું કરવા આગ્રહભરી વિનંતી કરી.

શ્રી પ્રભાકરભાઈ મહેતાએ પૂ. ગુરુદેવના સમાગમથી જીવનમાં પરિવર્તન આવતાં જે કાલે પાપી હતો તે આજે પુણ્યશાળી કેમ બને છે, જે કાલે નિષ્ઠુર હતો તે આજે પ્રેમાળ કેમ બને છે અને પૂ. ગુરુદેવના પ્રવચનોના શ્રવણથી ઘરઘરમાં નરકની કડવાશ અને કટુતાને બદલે સ્વર્ગની મીઠાશ અને આનંદ કેમ ઊભો થાય છે તે ઉપર નાનું શું વિવેચન કર્યું. આજે પશ્ચિમમાં મહાવીરનાં અહિંસા અને અનેકાન્તની કેટલી જરૂર છે અને આજના નવયુવાનોને સાચું માર્ગદર્શન મળતાં સંઘર્ષને બદલે સર્જન કરવામાં પૂ. ગુરુદેવની વાણી અને વિચારો કેટલાં પ્રેરણામય છે તે ઉપર ઘણા ઉત્સાહથી પોતાના વિચારો વ્યકત કર્યા.

પૂ. ગુરુદેવ પ્રત્યેનો પોતાનો પ્રેમ અને ભાવ વ્યકત કરતાં શ્રી દેવરાજજીએ પૂ. ગુરુદેવને કામળી વહોરાવી.

ભકતોની ભાવનાને પ્રત્યુત્તર આપતાં પૂ. ગુરુદેવે જણાવ્યું:

નાનામાં નાનો દિવસ, દુર્જન સાથે સંગ થઈ જાય તો, લાંબામાં લાંબો બની જાય છે અને લાંબામાં લાંબો દિવસ સજ્જન સાથે સંગ થઇ જાય તો નાનામાં નાનો–અણુ જેવો–બની જાય છે. દિવસ તો એનો એ છે પણ એ દિવસોમાં સંગ કોની સાથે થયો એના ઉપર આધાર છે.

દિવસની નહિ, પણ હું ચાર–સાડાચાર મહિનાની વાત કરું છું. મારા સાડાચાર મહિના તમે ભેગા મળી નાના કરી નાખ્યા.

કદાચ હું સારો હોઉં પણ તમે સારા ન હો તો એકની સારપ કેટલી ચાલે ? કયાં સુધી ચાલે ?

પાણીનું સિંચન થાય પણ જો બીજ જ ન હોય તો ફણગા ફૂટે કયાંથી ? મેં ભલે ઉપદેશનું પાણી છાંટયું પણ તમે બીજ છો એટલે એ કામ લાગ્યું. ભલે તમે સહુ અભિવાદન કરો પણ હું તમારામાં રહેલી બીજ શકિતનું અભિવાદન કરું છું.

અહીંના પ્રજાજનોનો જે મેં પ્રેમ જોયો; હૃદયની જે સરળતા અને સહજતા જોઈ; ભાષાના, કોમના, જ્ઞાતિના ભેદભાવ વિનાની એકતાનો જે ઉલ્લાસ જોયો તેથી મારું હૃદય પુલકિત થયું છે.

અહીં આવતાં પહેલાં મને કોઈએ પૂછેલું: થાણામાં તમને સાંભળશે કોણ ?

ત્યારે મેં કહેલું: શાન્ત–બંગલીમાં બેસી સ્વાધ્યાય અને આત્મચિંતન કરીશ. પણ મારા આશ્ચર્ય વચ્ચે મને તમે ફૂરસદ જ આપી નહિ. કોઇ પણ શહેરને ભુલાવે એવો તમે લાભ લીધો.

અહીં વ્યાખ્યાનમાં બહેનોમાં અને ભાઇઓમાં વૃદ્ધો કરતાં આ ઉઘાડાં માથાં વધારે દેખાય છે. મને રસ આ યુવાનોમાં છે.

ગાડું અકસ્માત accident કરે તો ગબડી જવાય પણ planeનો અકસ્માત accident થાય તો બધા ખલાસ જ થાય.

હું જુવાનીને પ્લેન સાથે સરખાવું છું. એનો એકસીડેન્ટ બહુ ખતરનાક છે અને એમનો અકસ્માત થવાનો સંભવ પણ ઘણો છે. માટે જ પ્લેન ઉપડતાં પહેલાં બધું બરાબર ચોક્કસ કરે છે, પણ ગાડામાં એટલી ચોકસાઈ નથી કરાતી.

હું ઘરડાને ગાડા સાથે સરખાવી એમનું અપમાન નથી કરતો પણ એમને જે અકસ્માત થાય એ બહુ નુકશાનકારક નથી એટલું જ સૂચવું છું, પણ જુવાની એ દીવાની છે. એમાં અકસ્માત થાય તો જિંદગી જાય. ઘણાની જિંદગી મટકામાં, પત્તામાં ધૂળ થાય છે. શરાબ, સુંદરી અને જુગટાના દૈત્યવૃત્તિભર્યા આનંદમાં તો ઘણાની જિંદગી નાશ થઈ રહી છે. આવી જિંદગીઓને સમાલી લેવા મને જે અવસર મળ્યો તે બહુ સુંદર હતો.

સાડાચાર મહિના અહીં આનંદમાં, પ્રમોદમાં, સંવાદમાં અને શાન્તિમાં વીતી ગયા તે માટે અત્યંત આનંદ છે.

આવતા ચાતુર્માસ માટેની તમારી વિનંતી મારે મન ઘણા આદરનો વિષય છે, પણ બંધનનો નહિ. ચૈત્ર મહિના પહેલાં હું નિર્ણય કરતો નથી. એ વખતે હું જયાં બેઠો હોઉં ત્યાં વહેલો તે પહેલો. પણ મને જ્યારે કોઇ વિનંતી કરશે ત્યારે કહીશ કે પહેલી વિનંતી થાણાની છે.

તમારા તરફથી જે પ્રેમ અને ભાવ મળ્યો છે એનાથી હું અત્યંત પ્રસન્ન છું.

મેં તમને જે વાત કરી એ મારા ચિન્તનની સોહાગી પળો હતી. એને કેમ વટાવવી એ તમારા હાથમાં છે. એ વટાવશો તો તમે જ સમૃદ્ધ બનશો.

શ્રી સંઘે મિચ્છામિ દુકકડં કહ્યું. પણ મારો સ્વભાવ જ છે કે સામાનો કાંટો ન નીકળે ત્યાં સુધી મારો કાંટો ન નીકળે. તો મારા તરફથી કોઇને દુઃખ થયું હોય તો હું શ્રી સંઘ પાસે મિચ્છામિ દુક્કડમ્ માગી લઉં છું.

# ❋ વિહાર અને વિરહ ❋

રવિવાર તા. ૧૫-૧૧-૭૦નું પ્રભાત ઊઘડયું અને થાણા ગામના ભકતજનો જૈન મંદિરમાં આવી પહોંચ્યા. જેમને વાજતેગાજતે લાવ્યા એમને ભાવભરી વિદાય આપવાની હતી.

પૂ. ગુરુદેવનું પ્રવચન હાઇ-વે highway ઉપર આવેલ ઇન્ડીયન ઓઇલના પેટ્રોલપમ્પ પર ભાઇ શ્રી ડુંગરશીભાઇએ ગોઠવ્યું અને રવિવાર હોવા છતાં સવારના સાડા આઠ વાગ્યામાં થાણાથી જ નહિ, પણ મુલુંડથી પાદવિહાર કરીને સાધ્વીશ્રીજી હરખશ્રીજી અને તેમનાં શિષ્યા મુલુંડના આગેવાનો સાથે આવી પહોંચ્યાં.

ઝાડ નીચે બેસીને પૂ. ગુરુદેવે થાણાને અમૃતવાણીનો છેલ્લો લાભ આપતાં કહ્યું:

આજે આવી રીતે ખુલ્લામાં બેસું છું ત્યારે પ્રાચીન સમય યાદ આવે છે. ભગવાન મહાવીર ગુણશૈલ્ય નામના ઉદ્યાનમાં વૃક્ષ નીચે બેસીને કેવી મધુર દેશના આપતા હશે? ત્યારે જાતના, ધર્મના, ભાષાના ભેદભાવ ભૂલીને સહુ સાથે બેસતા હશે! જાનવરો પણ સાંભળતાં હશે!

ચાર દીવાલોમાં બેસીને પ્રવચન આપતાં દીવાલમાં પૂરાઈ ગયા હોઇએ એવો મૂંઝારો થાય છે.

મને થાય છે કે ધર્મ મુકત કયારે બને? મહાવીરનો ધર્મ મૂઠીભર માટે નથી પણ પ્રાણી માત્ર માટે છે, જીવમાત્ર માટે છે.

ભગવાન મહાવીરનો ધર્મ-અહિંસા, સંયમ અને તપનો ધર્મ શું ઘરમાં પૂરી રાખશો? દીવાલોમાં ભરી રાખશો? બીજાઓને નહિ આપો?

હવે એવી હવા આવી રહી છે કે થોડાક અહિંસક લોકોને રહેવું હોય તો એક જ માર્ગ છે-અહિંસાનો ચારે બાજુ પ્રચાર કરો-જોર જુલમથી નહિ પણ પ્રેમથી કામ લો, ધાંધલ કે ધમાલથી નહિ પણ સમજણથી કામ કરો. તમે એમને સમજાવો તો તમારી વાત કબૂલ કરે પણ સમજાવશો નહિ તો આગળ નહિ વધાય.

'અહિંસા પરમો ધર્મ'ની વાત ઉપાશ્રયમાં કરી તમે તમાશમાં રાજી થાઓ અને દુનિયાના માંધાતાઓના, નેતાઓના, વૈજ્ઞાનિકોના મગજમાં અહિંસાની વાત નહિ ઉતારો તો જેના હાથમાં શસ્ત્રો છે, બોમ્બ છે તેઓ હિંસાથી દુનિયાને નષ્ટ કરી નાખશે.

દુનિયામાં જીવવું હોય તો શાંતિની જરૂર છે. અહિંસા હશે તો તમે જીવી શકશો. જો હિંસા ચાલુ રહેશે તો આજે જે બકરાં અને ગાયોને મારે છે, તે એક દિવસે માણસને મારશે.

મને થાય છે કે ઉપાશ્રયમાં બેસનારા મારું એક વ્યાખ્યાન નહિ સાંભળે તો બહુ નુકશાન નહિ થાય પણ જેના હાથમાં બોમ્બ છે એ જો નહિ સાંભળે તો વધારે નુકશાન થશે.

દુનિયાને સમજાવનાર મળે તો સમજવા તૈયાર છે; પણ સમજાવનાર અનુભવી હોય, વિશાળ હૃદયી હોય, ભાષા ઉપર પ્રભુત્વ હોય અને ભગવાનનાં વચનો ઉપર શ્રદ્ધા હોય.

આજે થાણા છોડતાં હું માનસિક મથામણ અનુભવી રહ્યો છું. હું અહીં આવ્યો ત્યારે અનજાન stranger હતો અને આજે થાણા છોડું છું ત્યારે આત્મીય વ્યકિતઓથી છૂટો પડતો હોઉં એવી અનુભૂતિ થાય છે.

આ ચાર મહિનામાં કોઇએ બીડી છોડી, કોઇએ પરદારાગમન છોડયું, કોઇએ માંસાહાર છોડયો તો હમણાં છેલ્લાં છેલ્લાં ચાર મરાઠી ભાઇઓએ દારૂ છોડયો.

મને આનંદ થાય છે, કેવી વિચારોમાં ક્રાંતિ આવી રહી છે!

હું જાઉં છું પણ મારા વિચારોની સુવાસ આપતો જાઉં છું. તમે તમારું જીવન સુંદર બનાવજો, એમાં પ્રેમ અને મૈત્રીની અભિવૃદ્ધિ કરજો.

થાણા સંઘના પ્રમુખ શ્રી રૂપચંદજીભાઇએ ભારે હૈયે ગુરુદેવને વિદાય આપતાં કહ્યું:

પૂ. ગુરુદેવ થાણામાં આવી ચાતુર્માસ કરશે એવી અમને કોઈ દિવસ ઉમેદ નહોતી અને પૂ. ગુરુદેવના ચાતુર્માસમાં આટલા બધા ભાઇ-બહેનો પ્રવચનોનો લાભ લેશે એવી અમને આશા નહોતી. પરંતુ અમારા સ્વામીભાઇઓએ અમને અચાનક લાભ આપ્યો.

ગુરુદેવ અહીંથી વિમાનમાં સર્વધર્મ શિખર પરિષદમાં જીનીવા પધાર્યા એ જૈનોના મુખ્ય ધર્મતત્ત્વને સમજાવવા પધાર્યા હતા, વેપાર અર્થે નહિ. એમના જવાના પહેલાં સમાજના આગેવાન દેહરાવાસી, સ્થાનકવાસી અને બીજા ઘણા આગેવાનોએ પૂ. ગુરુદેવને કહ્યું કે આપનો વાણી ઉપર કાબૂ છે, વિદેશની ભાષાનું જ્ઞાન છે તો આપ પધારો. તેમણે લેખિત વિનંતી કરી.

એક રૂપિયો જશે પણ અનેક રૂપિયાની કમાણી થશે.

ગુરુદેવ જીનીવા પધાર્યા અને સામનો કરનારના ઝનૂનની સીમા ન રહી.

"આચાર્યની રજા લઇને કેમ ન ગયા?"

એક આચાર્ય હોય તો રજા લે પણ હવે તો ઘરઘરના આચાર્ય છે.

મટકાનો નંબર લાગે, તકદીર ખૂલી જાય, કમાણી થાય એવી આશાથી મહારાજનો વાસક્ષેપ લે, એવો સંઘ ભેગો થાય અને આચાર્ય પદવી આપે—એવા આચાર્યો છે.

સાધુતાનો વારસો નહિ ત્યાં આચાર્ય પદવી કેવી?

આપણે ત્યાં એક જ સંપ્રદાય નથી. તપ-ગચ્છની જ વાત લઉં તો કહે રામસૂરીનો ગચ્છ, વલ્લભસૂરીનો ગચ્છ.

અમે એકની પાસે સાંભળીને બીજા પાસે જઇએ તો માફી મંગાવે, પ્રાયશ્ચિત લેવડાવે. આવા સાધુઓને કહેવાનો શું અધિકાર?

પૂર્ણ વિચાર કરતાં અમે કોઇની favourમાં નથી. અમારે માટે દરેક સાધુ મહારાજ, મુનિ મહારાજ વંદનીય છે.

જે ઝનૂન શ્રાવકોમાં છે એ ધર્મના નામે થશે તો જૈનોનું નામ મટી જશે. ઝનૂનમાં ધર્મ નથી, શાંતિમાં અને અહિંસામાં ધર્મ છે.

માટે તમે કોઈ ઝનૂનમાં ન પડશો.

થાણા સંઘ તરફથી સંઘને જે ઉલ્લાસ થયો, સાંભળવા જે ખજાનો મળ્યો એ બધા તરફથી હું પૂ. ગુરુદેવને ફરી વિનંતી કરું છું કે ચાતુર્માસ કરવા અહીં ફરી પધારો અને અમને સહુને લાભ આપો.

શ્રી પોપટભાઈએ અંતમાં કહ્યું: પૂ. ગુરુદેવ આપણને જેવું પાન કરાવ્યું તેવું જ પાન ગચ્છના ભેદભાવ વગર સમગ્ર સમાજને આપતા રહે એવી થાણા સંઘની પ્રાર્થના છે અને હંમેશાં રહેશે એવું અમે ગુરુદેવને વંદન કરી વચન આપીએ છીએ.

શ્રી થાણા સંઘ વતી, શ્રી ડુંગરશીભાઈ વતી શ્રી પોપટભાઇએ સહુનો આભાર માન્યો અને પૂ. ગુરુદેવનો વિહાર શરૂ થયો.

બીજાએ તને શું કહ્યું તે તું યાદ રાખે છે, પણ તેં બીજાને શું કહ્યું તે તને યાદ રહે છે? એ જો તને યાદ રહી જાય તો બીજા શું બોલે છે, એની ફરિયાદ કરવાનો અવકાશ તારા મોઢાને નહિ હોય!

—"સૌરભ"માંથી
'ચિત્રભાનુ'

You always keep in mind what others had spoken unto you, but do you really bear in mind what you had said unto others ? If you can store that in your memory, not the slightest scope shall be left for your mouth to utter a single plaint as to what others had bean hinting about you.

from : **Lotus Bloom**
by : **Chitrabhanu**


With Best Compliments from

**Lion Pencils Pvt. Ltd.**
Barar House
Abdul Rehman Street,
Bombay – 3

**Chatons Pvt. Ltd.**
237/239
Abdul Rehman Street
Bombay – 3

# વહેતાં પાણી

પૂ. ગુરુદેવનુ ચાતુર્માસ પરિવર્તન (તા. ૧૩-૧૧-૭૦) શ્રી પ્રતાચંદજીની વિનંતીથી તેમને ત્યાં નક્કી થયું.

શ્રી પ્રતાપચંદજીનું જીવન સાદું છે પણ મન ભક્તિથી ભરપૂર છે. દેખાવ ઓછો છે પણ દિલ વિશાળ છે. તેમને ત્યાં બાંધેલા ભવ્ય મંડપમાં શ્રોતાજનો સમક્ષ પ્રવચન આપતાં પૂ. ગુરુદેવે જણાવ્યું:

આજે ભારતનું જીવન મૂર્છિત છે, મોઢા ઉપર લાલી નથી, આંખમાં આભા નથી, આ બધું ક્યાં ગયું?

દીવામાંથી તેલ જાય તો દીવો નિસ્તેજ બને એમ ભારતની આંખ પાછળ આધ્યાત્મિકતાનું તેલ નથી. શું આધ્યાત્મિક દેશમાં જન્મ લેવા છતાં આપણને આધ્યાત્મિક પ્રકાશ પ્રાપ્ત નહિ થાય?

મહાપુરુષોએ આપેલી વાતો, વિચારો અને દૃષ્ટિ પ્રમાણે જીવવા પ્રયત્ન કરશો તો ભારતનું ખંડિત વ્યક્તિત્વ ફરી અખંડ થશે, જીવનમાં નવજીવન આવશે, અંધકારમાં પ્રકાશ પ્રસરશે.

આપણી સંસ્કૃતિ ત્યાગની છે, આધ્યાત્મિકતાની છે. એને ટકાવવા આજે સાધુઓ ગામેગામ જશે, જેમનું જીવન મૂર્છિત છે એમનામાં પ્રકાશ લાવશે.

શરબત પીધેલાને પાણી પાશો તો નહિ પીએ પણ જે તૃષાતુર છે એને ઠંડો ગ્લાસ આપશો તો એ ખુશ થશે, કહેશે 'ભગવાન! તારું ભલે કરે.'

જે તિથિએ લીલાં શાક પણ ન ખાય તેને કહો કે હિંસા ન કર તો કહેશે: 'અમે ક્યાં હિંસા કરીએ છીએ?' પણ જે હંમેશાં પશુ મારતા હોય એમને ઉપદેશ દઈએ તો એમના જીવનમાં પલટો આવે.

જે અહિંસાનો પ્રચાર કરે તેને પૂરેપૂરો સહકાર આપો. શ્રી હેમચંદ્રાચાર્યને કુમારપાળે સાથ ન આપ્યો હોત તો આજ તમે ગુજરાતમાં અહિંસક ન હોત.

આજે તમે અહીં દૂધ માટે તરફડો છો તો યુરોપના બીજા દેશોમાં દૂધ વધી જતાં ગાયોને કાપી રહ્યાં છે આ વર્ષ પૂરું થતાં ૩૮ લાખ ગાયો કપાવવાની છે

આવા દેશમાં ભગવાન મહાવીર, ભગવાન રામ ભગવાન બુદ્ધનો ઉપદેશ જાય તો શું કતલ બંધ ન થાય? પણ આપણે શું કહીએ? 'આપણે આપણું સંભાળી લો, બીજા જાય ખાડામાં.' પણ ભૂલશો નહિ, દુનિયાની હવા તમારે ત્યાં આવી રહી છે. તમારા કપડામાં ચરબી, તમારી પાર્ટીમાં Non-Vegetarian ખાવાનું, તમારી મીઠાઈમાં મટનની ચરબી, તમારા આઇસક્રીમમાં ઇંડાં અને તમારા પૌંઆ માછલી ઉપરના ભીમડાના ભાગમાંથી બને. આગળ વધીને એક સંસ્થાના બાળકોએ ભગવાનનો અભિષેક દૂધથી કે પાણીથી નહિ કરતાં ઇંડાથી કર્યો, કારણ કે દૂધ કરતાં ઇંડામાં વધારે વિટામીન ખરું ને!!!

આ હિંસાની હવા સામે ટકવા અહિંસાનો વધારેમાં વધારે પ્રચાર કરવો પડશે. પણ આપણે આપણો ખજાનો પેટીમાં રાખીએ અને વિશ્વ સમક્ષ ભારત વર્ષની અહિંસા, અનેકાન્તવાદ અને કર્મવાદની વાત ન મૂકીએ તો કેમ ચાલશે? જ્યાં હિંસાની જલન છે, કતલની આગ છે, માંસાહારનો પ્રચાર છે તેને બંધ કરવા સાધુઓએ ઘુમવું જોઇએ અને એવા સાધુને કદાચ કોઇ ગાળ આપે, એની નિંદા પણ કરે, પણ સાધુ એનું કામ નહિ છોડે. જે સાધુ ગાળથી કામ છોડે તે સાધુ 'સાધુ' નથી.

એક સાધુ નદી કિનારે બેઠા હતા અને નદીના પાણીમાં વીંછીને ડૂબતો જોઇ બહાર કાઢયો. બહાર નીકળતાં જ વીંછીએ ડંખ માર્યો. સાધુએ એને જમીન ઉપર મૂકયો.. ફરી વીંછી પાણીમાં ગયો અને ડૂબવા લાગ્યો. ફરી સાધુએ બહાર કાઢયો, ફરી વીંછીએ ડંખ માર્યો. આ જોઇ એક ચિંતકે પૂછયું: મહારાજ! તમે શું કરો છો! વીંછી ડંખ મારે છે તો પણ તમે એને બચાવો છો?

સાધુએ હસીને કહ્યું; જો આ કમઅક્કલ વીંછી એનો ધર્મ ન છોડે તો હું મારો ધર્મ કેમ છોડી શકું? એનો ધર્મ ડંખ મારવાનો છે, મારો ધર્મ બચાવવાનો છે. સાધુનો ધર્મ કોઈ જાતના બંધન વિના ઉપદેશ આપવાનો છે.

બાંધેલું પાણી મુક્ત થતાં આસપાસની જમીનને હરીભરી કરે એમ સાધુઓ ગામેગામ ફરીને અનેકના જીવનને નવપલ્લવિત ન કરે?

પૂ. ગુરુદેવના પ્રવચન બાદ શ્રી પ્રતાપચંદે શ્રીફળ અને રૂપિયાની પ્રભાવના કરી, બાળકોમાં મીઠાઇ વહેંચી, બપોરે પૂજા રાખી અને રાત્રે શ્રી મનુભાઇના ભાવનાથી દિવસનો કાર્યક્રમ ઉત્સાહથી પૂરો થયો.

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે 'ક્વીન્સ વ્યૂ' ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઇ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે.